# જાહેરાતનો નમૂનો

"જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" માટે શાળા કક્ષાએ ૧૧ માસ માટે કરાર આધારિત "જ્ઞાન સહાયક (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" ની જગ્યાના કરાર બાબતે ઓનલાઈન અરજી આમંત્રિત કરવા અંગે.

| ક્રમ | જગ્યાનું નામ | માસિક ફિક્સ મહેનતાણું | વય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | જ્ઞાન સહાયક ( માધ્યમિક) | રૂા.૨૪,૦૦૦/- | ૪૮ વર્ષ |
| ૨ | જ્ઞાન સહાયક (ઉચ્ચતર માધ્યમિક) | રૂા.૨૬,૦૦૦/- | ૫૦ વર્ષ |

શિક્ષણ વિભાગ અંતર્ગત ગુજરાત રાજયની **સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તથા કમિશનરશ્રી આદિજાતિ વિકાસ કચેરી તથા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકની નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ કચેરી હસ્તકની ગુજરાત રાજયની અનુદાનિત નિવાસી માધ્યમિક શાળાઓમાં** "જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" માટે શાળા કક્ષાએ ૧૧ માસ માટે કરાર આધારિત "જ્ઞાન સહાયક (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" ની જગ્યાના કરાર બાબતે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના તા.૦૬.૦૭.૨૦૨૬ ના ઠરાવ ક્રમાંકઃ ED/MIS/e-file/3/2023/2870/G અન્વયે ક્રમ-૩ (૧) (૧) જ્ઞાન સહાયકોની સેવાકીય વિગતો અંતર્ગત શૈક્ષણિક લાયકાત માટે આ જાહેરાતથી પ્રથમ તબકકે માત્ર દ્વિસ્તરીય TAT (માધ્યમિક) અને TAT (ઉચ્ચત્તર માધ્યમિક) એ જ ઉમેદવાર અરજી કરી શકશે. ખાલી જગ્યાના પ્રમાણમાં પછીના તબકકામાં જ્ઞાન સહાયકોની શૈક્ષણિક લાયકાત મુજબના કોઇ પણ વર્ષમાં TAT પાસ કરેલ ઉમેદવારો અને ત્યારબાદ જગ્યાઓ ખાલી હશે તો છેલ્લા તબકકામાં માધ્યમિક વિભાગ માટે શૈક્ષણિક સ્નાતક તેમજ વ્યવસાયિક સ્નાતક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે શૈક્ષણિક અનુસ્નાતક તેમજ વ્યવસાયિક સ્નાતકની લાયકાત ધરાવતા ઉમેદવારોની અરજી મંગાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

ઉપરોકત જગ્યાઓ માટે ઉમેદવારની વયમર્યાદા **ઓન-લાઇન અરજી કરવાની છેલ્લી તારીખ** સુધીની રહેશે.

ઉમેદવારે માટે નીચે જણાવેલ વેબસાઇટ પર ઓન-લાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબસાઇટ પર મૂકેલ ઉકત જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વયમર્યાદા, નિમણૂકનો પ્રકાર અને મહેનતાણા અંગેની સૂચનાઓ/માર્ગદર્શિકા પહેલા વાંચી લેવી. આ અરજીઓ રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ રૂબરૂ, ટપાલ કે કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે નહી. આવી મોકલેલ અરજીઓ માન્ય ગણાશે નહી.

ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઇ માટે જયારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ઓન-લાઇન કરેલ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની એક-એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

| જ્ઞાન સહાયક (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) ભરતી-૨૦૨૬ | |
|---|---|
| ઓનલાઇન અરજી શરૂ | તા.૦૯/૦૭/૨૦૨૬ (૧૪:૦૦ કલાક થી શરૂ) |
| ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ | તા.૧૫/૦૭/૨૦૨૬ (૨૩:૫૯ કલાક સુધી) |
| મેરીટ લીસ્ટ જાહેર | તા.૧૮/૦૭/૨૦૨૬ (૧૪:૦૦ કલાકે) |
| જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ ડોકયુમેન્ટ ચકાસણી અને શાળા પસંદગી માટે રીપોર્ટીંગ (પ્રથમ જિલ્લા પસંદગી વિકલ્પ) | તા.૨૦/૦૭/૨૦૨૬ (સોમવાર) |
| જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ ડોકયુમેન્ટ ચકાસણી અને શાળા પસંદગી માટે રીપોર્ટીંગ (બીજો જિલ્લા પસંદગી વિકલ્પ) | તા.૨૨/૦૭/૨૦૨૬ (બુધવાર) |
| જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ ડોકયુમેન્ટ ચકાસણી અને શાળા પસંદગી માટે રીપોર્ટીંગ (ત્રીજો જિલ્લા પસંદગી વિકલ્પ) | તા.૨૪/૦૭/૨૦૨૬ (શુક્રવાર) |

**જ્ઞાન સહાયક પ્રાથમિક માટે લિંકઃ** **https://gyansahayak.ssgujarat.org**

**સહી/-**

**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**

**સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા**

**વિદ્યા સમીક્ષા કેન્દ્ર સેકટર-૧૯, ગાંધીનગર**